નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત (કુલ-૧૯૩)...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૬૦૮૫૧૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૧૪/૦૮/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા:૦૩/૦૧/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ
૨. આ વિભાગના તા:૦૯/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૭/૬૬૭૬૪૯-(નબા-૫૭)/ગ
૩. આ વિભાગના તા:૧૮/૦૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૧૮/૬૬૭૭૮-(નબા-૫૬)/ગ
૪. આ વિભાગના તા:૩૦/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/ન.બા.૭૮/ગ
૫. આ વિભાગના તા:૦૩/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: સકછ/૧૦૧૮/૫૫૪૩૯૨-૨૦૩૧/ગ
૬. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૧૮/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૯૫૫/૨૦૨૦/ક.

આમુખ:

આ વિભાગનાં ક્રમ:૧ પરના તા:૦૩/૦૧/૨૦૧૮ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ સંવર્ગની કુલ-૧૮૪ જગ્યાનું સંખ્યા બળ (કેડર સ્ટ્રેંથ) નક્કી કરવામાં આવેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૨ પરના તા:૦૯/૦૪/૨૦૧૮ના ઠરાવથી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ સંવર્ગની ૦૪ (ચાર) તેમજ વંચાણે લીધેલ ક્રમ:૩ પરના તા:૧૮/૦૬/૨૦૧૮ના ઠરાવથી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ સંવર્ગની ૦૧ (એક) તેમજ વંચાણે લીધેલ ક્રમ-૪ પરના તા:૩૦/૦૯/૨૦૧૯ના ઠરાવથી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ સંવર્ગની ૦૫ (પાંચ) એમ કુલ-૧૦ નવી જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૫ પરના તા:૦૩/૦૨/૨૦૨૦ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળા (કન્યા), નડિયાદની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ સંવર્ગની કુલ-૦૧ જગ્યા રદ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ:૬ પરના તા:૧૮/૦૬/૨૦૨૦ના પત્રથી નવી મંજૂર થયેલ ૧૦ જગ્યા અને રદ થયેલ ૦૧ જગ્યા અન્વયે કુલ-૧૯૩ જગ્યાનું સંખ્યાબળ નક્કી કરવા દરખાસ્ત કરેલ છે

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ સંવર્ગનું સંખ્યાબળ આથી ૧૯૩ ઠરાવવામાં આવે છે. તેમજ આ સંવર્ગના ભરતી નિયમમાં નિયત કરવામાં આવેલ બઢતી અને સીધી ભરતીના ૧:૧ રેશિયો અન્વયે નીચે મુજબની ફાળવણી કરવામાં આવે છે.

| સંવર્ગનું નામ | કુલ સંખ્યાબળ | બઢતીના ફાળાની જગ્યાઓ | સીધી ભરતીના ફાળાની જગ્યાઓ |
|---|---|---|---|
| મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) | ૧૯૩ | ૯૭ | ૯૬ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૦૬/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ)ના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ૨/૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૦.